# ગુજરાત વિધાનસભા સચિવાલય
# વિઠ્ઠલભાઈ પટેલ ભવન, સેક્ટર–૧૦, ગાંધીનગર

## ટૂંકી મુદતની જાહેર નિવિદા

ગુજરાત વિધાનસભામાં નીચે મુજબની ચાંદીની ટ્રોફી પુરી પાડવા જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં વિધાનસભા કચેરી ખાતે (કચેરી સમય દરમિયાન) રોકડ શાખામાં રૂા.૧૫૦૦/– ટેન્ડર ફી જમા કરાવી તેની રીસીપ્ટ વિધાનશાખા–૧માં રજૂ કરીને ટેન્ડર ફોર્મ મેળવવાનું રહેશે અથવા કચેરીની વેબ–સાઈટ https://gujaratassembly.gov.in પરથી શરતો અને બોલીઓ સાથેનું ટેન્ડર ફોર્મ ડાઉનલોડ કરી શકાશે.

| | | |
|---|---|---|
| ચાંદીની પ્લેટ | ૯૨.૫ ટચ ચાંદી વજન– ઓછામાં ઓછું ૧૧૦૦ ગ્રામથી વધુમાં વધુ ૧૨૦૦ ગ્રામ | ૧૪.૫ ઈંચનો વ્યાસ |
| અંદરની ચાંદીની પ્લેટ જેમાં વિધાનસભા બિલ્ડિંગની પ્રતિકૃતિની કોતરણી(Itching) કરેલ હોય | વધુમાં વધુ ૩૦૦ ગ્રામ | ૧૦ ઈંચનો વ્યાસ |
| ચાંદીની પ્લેટ નીચે લાકડાનો સ્ટેઈનલેસ સ્ટીલની નેઈમ પ્લેટ ધરાવતો બેઝ | – | લંબાઇ – ૧૬ ઇંચ<br>પહોળાઇ – ૩ ઇંચ<br>જાડાઇ – ૩ ઇંચ |
| ચાંદીની પ્લેટને લાકડાના બેઝ સહિત કવર કરતું ૪ મિમિ જાડાઇવાળું એક્રેલિક કવર બોક્સ | – | – |

ભાવપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ: સોમવાર, ૦૭/૦૩/૨૦૨૨ (કચેરી સમય સુધી)

**સચિવ**
**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**તા: ૨૪/૦૨/૨૦૨૨**
**સ્થળ: ગાંધીનગર**


શ્રેષ્ઠ ધારાસભ્ય એવોર્ડ, ૨૦૨૦
વિઠ્ઠલભાઈ પટેલ ભવન
ગુજરાત વિધાનસભા
ગુજરાત વિધાનસભા
માનનીય ધારાસભ્યશ્રી ભૂપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા
૫૮-ધોળકા મત વિસ્તાર, ૧૪મી ગુજરાત વિધાનસભા
ગુજરાત વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના વરદ
હસ્તે શ્રેષ્ઠ ધારાસભ્ય પુરસ્કાર, ૨૦૨૦ એનાયત કરવામાં આવ્યો.
તા. ૨૪ મી સપ્ટેમ્બર, ૨૦૨૦

# ગુજરાત વિધાનસભા સચિવાલય

## ચાંદીની ટ્રોફી પૂરી પાડવા માટેના ભાવપત્રકો મંગાવવાની નિવિદા

ગુજરાત વિધાનસભામાં ચાંદીની પ્લેટ/ટ્રોફી પૂરી પાડવા માટેના ભાવપત્રકો **"ચાંદીની ટ્રોફી પૂરી પાડવા માટેના ભાવપત્રકો"** લખાણના શીર્ષક સાથે સીલબંધ કવરમાં રજીસ્ટર એડી/સ્પીડ પોસ્ટથી નીચેના સરનામે મોકલી આપવાના રહેશે.

**શ્રી ડી.એમ. પટેલ, સચિવશ્રી,**
ગુજરાત વિધાનસભા સચિવાલય,
બીજો માળ, વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
સેક્ટર-૧૦, ગાંધીનગર, ૩૮૨૦૧૦.

ભાવપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ : ૦૭/૦૩/૨૦૨૨, કચેરી સમય સુધી
ભાવપત્રક ખોલવાની તારીખ : ૦૯/૦૩/૨૦૨૨, બપોરે ૦૨-૩૦ કલાકે

**સ્થળ:-**
**શ્રી ડી.એમ. પટેલ, સચિવશ્રી,**
ગુજરાત વિધાનસભા સચિવાલય,
બીજો માળ, વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
સેક્ટર-૧૦, ગાંધીનગર, ૩૮૨૦૧૦.

# શરતો અને બોલીઓ

(૧) ગુજરાત વિધાનસભા સચિવાલયની રોકડ શાખામાં ટેન્ડર ફી રૂા. ૧૫૦૦ (રોકડમાં) જમા કરી તેની રીસીપ્ટ વિધાનશાખા–૧માં રજૂ કર્યેથી બોલીઓ અને શરતો સાથેનું ટેન્ડર ફોર્મ મેળવી શકાશે. ટેન્ડર ફી નોન– રીફન્ડેબલ રહેશે.

(૨) ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેનાર સંસ્થા/એજન્સીએ ભાવપત્રકની કુલ અંદાજિત કિંમતના ૩% પ્રમાણે ઇ.એમ.ડી.(અર્નેસ્ટ મની ડીપોઝીટ) ભરવાની રહેશે. ઇ.એમ.ડી. માન્યતા પ્રાપ્ત બેન્કના **"સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર"** ની તરફેણના ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે જ સ્વીકારવામાં આવશે. ઇ.એમ.ડી. રોકડ સ્વરૂપે સ્વીકારવામાં આવશે નહિ. અસફળ રહેલ બીડરોને ઇ.એમ.ડી. પરત મળવાપાત્ર રહેશે.

(૩) પસંદગી પામેલ સંસ્થા/એજન્સીએ વર્ક ઓર્ડર મેળવતી વખતે ખરીદ કિંમતના ૫% લેખે સિક્યુરીટી ડીપોઝીટ જમા કરાવવાની રહેશે, વર્ક ઓર્ડરમાં દર્શાવેલ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ થયેથી સિક્યુરીટી ડીપોઝીટ પરત કરવામાં આવશે. સિક્યુરીટી ડીપોઝીટ માન્યતા પ્રાપ્ત બેન્કના **"સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર"** ની તરફેણના ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે જ સ્વીકારવામાં આવશે. સિક્યુરીટી ડીપોઝીટ રોકડ સ્વરૂપે સ્વીકારવામાં આવશે નહિ.

(૪) ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેનાર સંસ્થા/એજન્સી પોતે મેન્યુફેક્ચરર તરીકેની લાયકાત ધરાવતો હોવો જોઇએ તેમજ ટેન્ડર પ્રક્રિયામાં લઘુત્તમ અનુભવનો કોઇ બાધ રાખવામાં આવેલ નથી તેમ છતાં જે–તે સંસ્થા/એજન્સીને પ્રાથમિકતા તેની ગુણવત્તાને આધારે આપવામાં આવશે.

(૫) ફક્ત G.S.T રજિસ્ટ્રેશન નંબર ધરાવતી સંસ્થાના જ ભાવપત્રક માન્ય રાખવામાં આવશે તથા G.S.T રજિસ્ટ્રેશનનો પૂરાવો ભાવપત્રક ભરતી વખતે જ પૂરો પાડવાનો રહેશે.

(૬) ભાવપત્રકમાં રજૂ કરેલા ભાવ GST તેમજ અન્ય કોઇપણ પ્રકારના સરકારી ટેક્ષ સામેલ કરીને આખરી ભાવ રજૂ કરવાનો રહેશે.

(૭) સંસ્થા/એજન્સીએ ભરેલ ભાવ ટ્રોફીની બનાવટ અને વિધાનસભા સચિવાલય ખાતે પહોંચાડવાના ખર્ચ સાથેના રહેશે.

(૮) ટ્રોફીમાં વપરાયેલ ચાંદીની ગુણવત્તા અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

(૯) ટ્રોફીમાં ચાંદી સિવાય વાપરવાનું થતું અન્ય મટીરીયલ ઉચ્ચ ગુણવત્તાવાળું વાપરવાનું રહેશે.

(૧૦) વર્કઓર્ડર આ સચિવાલયની એક કરતાં વધુ વાર જરૂરિયાતના આધારે આપવામાં આવશે.

(૧૧) જે સંસ્થા/એજન્સીના ભાવ મંજૂર થયા પછી ટેન્ડરમાં જણાવેલ ગુણવત્તા ધરાવતી ચાંદીની ટ્રોફી આપવામાં આવે ત્યારે તેની ચકાસણી કરીને ગુણવત્તાના આધારે કરારને લાગુ કરવામાં આવશે. સંસ્થા/એજન્સીની કામગીરી સંતોષકારક નહિ જણાય તો તાત્કાલિક અસરથી કરાર રદ કરવામાં આવશે.

(૧૨) વર્કઓર્ડર આપ્યેથી દિન ૧૦માં ચાંદીની ટ્રોફી સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગરને રૂબરૂમાં આપવાની રહેશે.

(૧૩) આ કરાર કચેરી હુકમની તારીખથી એક વર્ષ સુધી લાગુ પડશે કરારનો એક વર્ષનો સમયગાળો પૂર્ણ થયેથી ચાંદીની ટ્રોફી પૂરી પાડનાર સંસ્થા/એજન્સીની કામગીરી સંતોષકારક જણાયેથી કરારના બંને પક્ષકારની સંમતિથી કરારનો સમયગાળો માનનીય અધ્યક્ષશ્રીના આદેશથી લંબાવી શકાશે.

(૧૪) ગુજરાત રાજ્ય ખરીદ નીતિ – ૨૦૧૬ના નિયમો અને ધારાધોરણો અનુસાર છૂટછાટ મેળવતી સંસ્થા/એજન્સીઓને ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને સિક્યુરીટી ડીપોઝીટમાંથી મુક્તિ મળવાપાત્ર રહેશે.

(૧૫) આ શરતો સાથે સરકારના ધારાધોરણો મુજબની અન્ય શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૬) કોઈપણ જાતનું કારણ દર્શાવ્યા વગર આ ટેન્ડર રદ કરવાનો અધિકાર આ કચેરીનો રહેશે.

(૧૭) ઉપરોક્ત શરતોમાં કોઈપણ સમયે ફેરફાર કરવાનો અધિકાર આ કચેરીને રહેશે.

(૧૮) આ કરારના અમલીકરણ અંગે કોઇ પ્રશ્ન કે વાદવિવાદ ઉપસ્થિત થાય તો તે અંગેનું ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે.

**ડી. એમ. પટેલ**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**તા. ૨૪/૦૨/૨૦૨૨**
**સ્થળ:ગાંધીનગર**

# ચાંદીની ટ્રોફીના સ્પેસીફીકેશન્સ

(૧) ૯૨.૫ ટચ ચાંદીની પ્લેટ (ડીઝાઇનર કીનારી ધરાવતી) – વજન ઓછામાં ઓછું ૧૧૦૦ ગ્રામ થી વધુમાં વધુ ૧૨૦૦ ગ્રામ.

(૨) ઉપર જણાવેલ ચાંદીની પ્લેટના મધ્યમાં વધુમાં વધુ ૩૦૦ ગ્રામ ચાંદીની વિધાનસભા બિલ્ડિંગની પ્રતિકૃતિ એમ્બોસ કરેલ હોય.

(૩) ઉપર જણાવેલ વિધાનસભા બિલ્ડિંગની પ્રતિકૃતિ એમ્બોસ કરેલ ચાંદીની પ્લેટ માટેનું સ્ટેન્ડ લાકડાનું બનેલું હોવું જોઇએ.

(૪) ઉપર જણાવેલ લાકડાના સ્ટેન્ડ ઉપર ધારાસભ્યશ્રીના નામવાળી સ્ટેઇનલેસ સ્ટીલની પટ્ટી ચોંટાડેલ હોવી જોઇએ.

(૫) એક્રેલિકના બોક્સ કવરમાં ટ્રોફી ફીટ કરેલી હોવી જોઇએ.

(૬) ટ્રોફીના આકાર અંગેની માન્ય પ્રતિકૃતિ કામકાજના દિવસોમાં સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગરની કચેરીમાં કચેરી સમય દરમ્યાન જોઇ શકાશે.

(૭) ચાંદીની ટ્રોફીના માનનીય અધ્યક્ષશ્રીએ નીચે મુજબના સ્પેસીફીકેશન્સ મંજૂર કરેલ છે.

| | | |
|---|---|---|
| ચાંદીની પ્લેટ | ૯૨.૫ ટચ ચાંદી<br>વજન– ઓછામાં ઓછું ૧૧૦૦ ગ્રામથી વધુમાં વધુ ૧૨૦૦ ગ્રામ | ૧૪.૫ ઇંચનો વ્યાસ |
| અંદરની ચાંદીની પ્લેટ જેમાં વિધાનસભા બિલ્ડિંગની પ્રતિકૃતિની કોતરણી(Itching) કરેલ હોય | વધુમાં વધુ ૩૦૦ ગ્રામ | ૧૦ ઇંચનો વ્યાસ |
| ચાંદીની પ્લેટ નીચે લાકડાનો સ્ટેઇનલેસ સ્ટીલની નેઇમ પ્લેટ ધરાવતો બેઝ | – | લંબાઇ – ૧૬ ઇંચ<br>પહોળાઇ – ૩ ઇંચ<br>જાડાઇ – ૩ ઇંચ |
| ચાંદીની પ્લેટને લાકડાના બેઝ સહિત કવર કરતું ૪ મિમિ જાડાઇવાળું એક્રેલિક કવર બોક્સ | – | – |

**તા. ૨૪/૦૨/૨૦૨૨**
**સ્થળ:ગાંધીનગર**

**ડી. એમ. પટેલ**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા સચિવાલય**

# **એક નંગ ચાંદીની ટ્રોફીના ભાવપત્રક અંગેનું પત્રક**

| | Price (in Rs.) (Without GST) | Total GST(%) | Total GST (in Rs.) | Total(in Rs.) (With GST) |
|---|---|---|---|---|
| ચાંદીની પ્લેટ – ૯૨.૫ ટચ | | | | |
| અંદરની ચાંદીની પ્લેટ | | | | |
| Itching/કોતરણીકામ/નકશીકામ | | | | |
| લાકડાનું સ્ટેન્ડ, સ્ટેઇનલેસ સ્ટીલની નેઇમ પ્લેટ અને ઓછામાં ઓછું ૪ મિમિનું એક્રેલિક કવર બોક્સ | | | | |
| મજૂરી | | | | |
| અન્ય કોઇ ખર્ચ હોય તો તેની વિગતો | | | | |
| કુલ | | | | |

**તા.** **સહી તથા સિક્કો**

**સ્થળ:–** **એજન્સીનું નામ તથા સરનામું**

**(સંસ્થા/એજન્સીના લેટરપેડ પર નીચે મુજબની અરજી તૈયાર કરવી)**

**ગુજરાત વિધાનસભા સચિવાલય ખાતે શ્રેષ્ઠ ધારાસભ્ય એવોર્ડ માટે ચાંદીની ટ્રોફી અંગેના ભાવપત્રક અંગે પ્રસિધ્ધ થયેલ જાહેર નિવિદા અંગેની અરજી**

**પ્રતિ,**
**સચિવશ્રી,**
**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.** **તારીખઃ**

**વિષયઃ- ગુજરાત વિધાનસભા ખાતે શ્રેષ્ઠ ધારાસભ્ય એવોર્ડ માટે ચાંદીની ટ્રોફી અંગેના ભાવપત્રક બાબત.**

**સાહેબશ્રી,**

સવિનય ઉપરોકત વિષયે આપને જણાવવાનું કે, તા. / /૨૦૨૨ના રોજ ગુજરાત વિધાનસભા સચિવાલય ખાતે શ્રેષ્ઠ ધારાસભ્ય એવોર્ડ માટે ચાંદીની ટ્રોફી અંગેના ભાવ સંબંધે પ્રસિધ્ધ થયેલ જાહેર નિવિદામાં અમો ભાગ લેવા ઇચ્છીએ છીએ. અમોએ જાહેર નિવિદા સાથે દર્શાવેલ શરતો અને સ્પેસીફીકેશન્સ વાંચેલ છે તથા તમામ શરતો કબૂલ-મંજૂર રાખી અમારી સંસ્થા તરફથી નીચેની વિગતોએ ભાવપત્રક સાથેની અમોની અરજી ધ્યાને લેવા આપ સાહેબશ્રીને નમ્ર વિનંતી છે.

| | | |
|---|---|---|
| ૧ | સંસ્થા/એજન્સીનું નામ | |
| ૨ | પ્રોપરાઇટરનું નામ, એજન્સીનું પૂરૂ સરનામુ તથા ફોન નંબર, મોબાઇલ નંબર | |
| ૩ | સંસ્થા તરફથી રજૂ થયેલ ભાવ | પત્રક આ સાથે સામેલ છે |
| ૪ | સંસ્થાનો જી.એસ.ટી. નંબર (પૂરાવો સામેલ રાખવો) | |
| ૫ | સંસ્થાની અમદાવાદ કે ગાંધીનગર ખાતે કચેરી છે કે કેમ? | હા/ના |

વધુમાં, અમો એ પણ ખાતરી આપીએ છીએ કે, જો અમોની સંસ્થા/એજન્સીની ટેન્ડરના અંતે પસંદગી કરવામાં આવશે તો ટેન્ડર સાથે દર્શાવેલ તમામ શરતોનું અમો દ્વારા પાલન કરવામાં આવશે તથા અમારી સંસ્થા તરફથી અન્ય કોઇ શરતો આપની કચેરી પર લાદવામાં આવશે નહી તથા જો લાદવામાં આવશે તો અમો આપો આપ ટેન્ડર પ્રક્રિયામાં ગેરલાયક ઠરીશું તેનાથી અમો માહિતગાર છીએ.

**આપનો વિશ્વાસુ,**

**બિડાણઃ**(સૂચનાઃ અરજી સાથે નીચે દર્શાવેલ કાગળો ફરજીયાત જોડવા)

**(૧)** જી.એસ.ટી.અંગેનો પૂરાવો

**(૨)** અમદાવાદ કે ગાંધીનગર ખાતે કચેરી અંગેનો પૂરાવો

**સહીઃ**
**નામઃ**
**હોદ્દોઃ**
**સંસ્થાનો સિક્કો**